# NEET
## જીવવિજ્ઞાન અને માનવકલ્યાણ
## 3

**વિભાગ A**

● નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) **[120]**

**1. એનાલજેસિક દવાઓ**

(A) પેશીઓનું નિર્માણ કરે (B) દર્દને દૂર કરે (C) થાકને દૂર કરે (D) પીડા કરાવે

**2. ગર્ભનાળ મારફતે માતાના શરીરમાંથી ગર્ભસ્થ શિશુને અથવા માતાના દૂધ મારફતે નવજાત શિશુને પ્રાપ્ત થતી અલ્પકાલીન પ્રતિકારકતાનો પ્રકાર કયો છે ?**

(A) જન્મજાત પ્રતિકારકતા (B) સક્રિય પ્રતિકારકતા (C) નિષ્ક્રિય પ્રતિકારકતા (D) કોષીય પ્રતિકારકતા

**3. કાર્સિનોમા એટલે**

(A) સંયોજકપેશીની સૌમ્ય ગાંઠ (B) સંયોજકપેશીની અસાધ્ય ગાંઠ

(C) ત્વચા અથવા શ્લેષ્મપડની અસાધ્ય ગાંઠ (D) કોલોનની અસાધ્ય ગાંઠ

**4. સસ્તનના ટી-લિમ્ફોસાઈટ વિશે સાચું શું છે ?**

(A) તેઓ થાઈરોઈડમાં ઉદ્‌ભવે છે.

(B) તેમના ત્રણ પ્રકારો છે. સાયટોટોક્સિક ટી કોષો, મદદકર્તા ટી કોષો અને નિગ્રાહક ટી કોષો

(C) તેઓ લસિકાપેશીઓમાં ઉત્પન્ન થાય છે.

(D) તેઓ ઈજાગ્રસ્ત કોષો અને કોષીય ઉત્સર્ગદ્રવ્યનો નિકાલ કરે છે.

**5. નીચેનામાંથી અસંગત જોડ કઈ છે ?**

(A) ગ્લોસીના પલ્પાલીસ – સ્લીપીંગ સીકનેસ (B) ક્યુલેક્સ પાઈપેન્સ – ફાઈલેરીઆસીસ

(C) એડીસ ઈગતી – યલો ફીવર (D) એનોફિલિસ ક્યુલીફેસીસ – લેસ્માનીઆસીસ

**6. વાઈરસની હાજરી ચકાસવા, એલિઝાનો ઉપયોગ ક્યારે થાય ?**

(A) જ્યારે ડી.એન.એ પ્રોબની જરૂર હોય. (B) જ્યારે સધર્ન બ્લોટીંગ કર્યુ હોય.

(C) જ્યારે આલ્કલાઈનફૉસ્ફેટ મુખ્ય પ્રક્રિયક હોય. (D) જ્યારે કેટેલેઝ એ મુખ્ય પ્રક્રિયક હોય.

**7. એચ. આઈ.વી. દ્વારા થતો એઈડ્ઝ મુખ્યત્વે કોને ચેપ લગાડે છે ?**

(A) બધા શ્વેતકણો (B) સક્રિયકર્તા-β કોષો (C) સાયટોટોક્સિક-T કોષો (D) $T_4$ - લિમ્ફોસાઈટ

**8. નીચેનામાંથી કોણ માનસિક પ્રવૃત્તિનું દમન કરે અને શાંતિ, આરામ અને આળસપણાની લાગણી ઉત્પન્ન કરાવે ?**

(A) મોર્ફિન (B) વેલિયમ

(C) એમ્ફીટેમાઈન્સ (D) હશીશ

**9. બ્લુબેબી નામનો રોગ શેનાથી થાય ?**

(A) મિથેમોગ્લોબીનથી (B) દ્રાવ્ય $O_2$ ના વધુ પ્રમાણથી

(C) TDS ના વધુ પ્રમાણથી (D) ક્લોરાઈડના વધુ પ્રમાણથી

**10. માનવશરીરમાં જોવા મળતા ઍન્ટિબૉડી.**

(A) સ્ટીરોઈડ છે. (B) પ્રોસ્ટાગ્લેન્ડીન છે. (C) ગ્લાયકોપ્રોટીન છે. (D) લીપોપ્રોટીન છે.

**11. માનવશરીરમાં સોનોગ્રાફી માટે કેટલી આવૃત્તિવાળો અલ્ટ્રાસાઉન્ડ પસાર કરાય છે ?**

(A) 15-30 MHZ (B) 1-15 MHZ (C) 45-70 MHZ (D) 30-45 MHZ

**12. ચોક્કસ ઋતુમાં દમના હુમલા વધવાની બાબત કોની સાથે સંલગ્ન છે ?**

(A) પતરાના ડબ્બામાં સંગ્રહીત ફળ ખાવાથી (B) શ્વાસોચ્છ્‌વાસથી પરાગરજ દાખલ થવાથી

(C) નીચું તાપમાન (D) ઉષ્ણ તથા ભેજવાળું પર્યાવરણ

**13. કૉલમ-I માં આપેલા રોગને કૉલમ-II માં આપેલી સંલગ્ન બાબત (રોગકર્તા / અટકાવવાના ઉપાયો / સારવાર) સાથે જોડો.**

| કૉલમ - I | | કૉલમ - II | |
|---|---|---|---|
| (a) | એમીબીયાસીસ | (i) | ટ્રેપેનોમા પેલીડિયમ |
| (b) | ડીપ્થેરિયા | (ii) | જંતુમુક્ત ખોરાક અને પાણીનો વપરાશ |
| (c) | કૉલેરા | (iii) | DPT રસી |
| (d) | સિફિલીસ | (iv) | મુખદ્વારા અપાતી રિહાઈડ્રેશન થેરાપીનો ઉપયોગ |

(A) (a - i), (b - ii), (c - iii), (d - iv)
(B) (a - ii), (b - iv), (c - i), (d - iii)
(C) (a - ii), (b - i), (c - iii), (d - iv)
(D) (a - ii), (b - iii), (c - iv), (d - i)

**14. જન્મજાત પ્રતિકારકતાના વિવિધ અંતરાયો જેવા કે મુખમાં લાળ અને આંખમાંથી અશ્રુજળનો સમાવેશ કેવા પ્રકારના અંતરાયમાં થાય ?**

(A) સાયટોકાઈન્સનો અંતરાય
(B) કોષીય અંતરાય
(C) દેહધાર્મિક અંતરાય
(D) ભૌતિક અંતરાય

**15. બાયોમેડીકલ ટેક્નોલૉજી (જૈવચિકિત્સાટેક્નોલૉજી) સંલગ્ન નીચેના વિધાનો વાંચો.**

(a) ઓપન હાર્ટ સર્જરીમાં રુધિરનું વહન હૃદય-ફેફસાં યંત્રમાં થાય.
(b) એન્જીયોગ્રાફીથી હૃદયની ધમનીમાં સર્જાયેલો અવરોધ દૂર કરી શકાય.
(c) શરીરના છેદમાં જોવા મળતી આંતરિક રચનાની વિગતો કમ્પ્યુટરાઈઝ્ડ એક્ષિયલ ટોમોગ્રાફી CAT થી જોઇ શકાય છે.
(d) X ray થી પ્રોસ્ટેટ ગ્રંથિ અને ફેફસાંનું સ્પષ્ટ તથા વિગતપૂર્ણ ચિત્ર મળે છે.

ઉપરના પૈકી કયા બે વિધાનો સાચાં છે.

(A) (b) અને (d)
(B) (c) અને (d)
(C) (a) અને (c)
(D) (a) અને (b)

**16. ધનુર થવાની શક્યતાવાળા વ્યક્તિને શેના વડે પ્રતિકારકતા પૂરી પાડી શકાય ?**

(A) પહેલેથી બનાવેલ ઍન્ટિબૉડી
(B) વધુ અસરકારક ઍન્ટિબાયોટિકથી
(C) નબળા પાડી દેવાયેલા જીવાણું વડે
(D) મારી નખાયેલા જીવાણું વડે

**17. T લસિકાકોષમાં T એટલે શું ?**

(A) થેલેમસ
(B) કાકડા
(C) થાયમસ
(D) થાઈરૉઈડ

**18. વાઈરસજન્ય રોગની જોડ શોધો.**

(A) શરદી, એઈડ્ઝ
(B) શરદી, મરડો
(C) ક્ષય, ટાઈફૉઈડ
(D) એઈડ્ઝ, દાદર

**19. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(A) સૌમ્યગાંઠ રોગ વ્યાપ્તી દર્શાવે.
(B) હેરોઇન શારીરિક ક્રિયાઓમાં વેગ લાવે.
(C) અસાધ્ય ગાંઠ રોગ વ્યાપ્તી દર્શાવી શકે છે.
(D) સર્જરી કર્યા પછી દર્દીને દુઃખાવાથી મુક્તિ આપવા કેનાબીનોઈડ્ઝ આપવા જોઈએ.

**20. એન્ટીહીસ્ટેમાઈન અને સ્ટીરોઈડ શેના માટે અપાય ?**

(A) ચિંતા
(B) કફ
(C) માથાનો દુઃખાવો
(D) એલર્જી

**21. સાચું વિધાન શોધો.**

(A) ગુનેગારોને ઊંઘવાની દવા આપવામાં આવે તો તેઓ સાચું બોલવા પ્રેરાય છે.
(B) સર્જરી બાદ દર્દીને દર્દશામક દવા તરીકે મોર્ફીન આપવામાં આવે છે.
(C) તમાકુ ચાવવાથી રુધિરનું દબાણ અને ધબકારા ઘટે છે.
(D) ઑપરેશનબાદ ઝડપથી સાજા થવા દર્દીને કોકેન આપવામાં આવે છે.

**22. શેના નિદાન માટે વિડાલ કસોટી કરાય ?**

(A) મલેરિયા (B) ન્યુમોનિયા (C) ટીબી (D) ટાઈફોઈડ

**23. એઈડ્ઝ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(A) એઈડ્ઝના દર્દી સાથે ખોરાક ખાવાથી HIVનો ચેપ લાગે છે.

(B) નશીલા દ્રવ્યોનું સેવન કરવાથી આદત ધરાવતી વ્યક્તિને HIVનો ચેપ ઓછો લાગે છે.

(C) પૂરતી સંભાળ લેવામાં આવે અને પૂરતું પોષણ આપવામાં આવે તો એઈડ્ઝના દર્દી સંપૂર્ણ સો ટકા સ્વસ્થ થઈ જાય.

(D) HIV રીટ્રોવાઈરસ મદદકર્તા ટી-કોષોમાં દાખલ થઇ તેમનું પ્રમાણ ઘટાડે છે.

**24. તમે મેલેરિયાના પરોપજીવીના સ્પોરોઝુઓઈટની હાજરી ક્યાં જોઈ શકો ?**

(A) માદા એનોફિલીસ મચ્છરની લાળમાં

(B) મલેરિયાથી પીડાતા માનવીના લાલરુધિરકણોમાં

(C) ચેપગ્રસ્ત વ્યક્તિની બરોળમાં

(D) તરત જ નિર્મોચન પામેલી માદા એનોફિલીસ મચ્છરની લાળગ્રંથિઓમાં

**25. HIVના ચેપના કયા તબક્કે એઈડ્ઝના લક્ષણો જોવા મળે ?**

(A) જ્યારે ચેપી રીટ્રોવાઈરસ યજમાન કોષમાં દાખલ થાય ત્યારે

(B) જ્યારે રીવર્સ ટ્રાન્સક્રિપ્ટેઝની મદદથી વાઈરલ DNA ઉત્પન્ન થાય ત્યારે.

(C) જ્યારે HIV મદદકર્તા ટી-લસિકાકણોમાં દાખલ થઈ ગુણન પામે અને મોટી સંખ્યામાં આવા કોષોનો નાશ કરે.

(D) ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે જાતિય સંપર્કમાં આવ્યા પછી 15 દિવસમાં

**26. નીચેનામાંથી કોને સાચા અર્થમાં પરોપજીવી કહી શકાય ?**

(A) માદા એનોફિલિસ મચ્છર.

(B) માદામાંથી પોષણ મેળવતા અને ગર્ભાશયમાં વિકસતા માનવભ્રૂણને.

(C) માથામાં થતા ખોડા પર જીવતા અને માનવના વાળમાં ઈંડાં મૂકતી માથાની જૂં.

(D) કાગડાના માળામાં ઈંડાં મૂકતી કોયલ.

**27. માનવના શરીરમાં દાખલ થતા સૂક્ષ્મજીવોનો પ્રવેશ અટકાવતો દેહધાર્મિક અંતરાય કયો છે ?**

(A) મૂત્રજનનમાર્ગનું અસ્તર (B) આંસું (C) એકકેન્દ્રીકણ (D) ત્વચા

**28. કેટલાક દર્દી એકવાયર્ડ ઈમ્યુનોડેફિશિયન્સી સિન્ડ્રોમથી પીડિત છે તેના નિદાન માટે તમે કઈ પદ્ધતિનું સૂચન કરશો ?**

(A) એલિઝા (B) MRI (C) અલ્ટ્રા સાઉન્ડ (D) વિડાલ

**29. માનવમાં દાદરના રોગ માટે જવાબદાર રોગકર્તા સજીવ માઈક્રોસ્પોરમને નીચેનામાંથી કોની સાથે એક જ સૃષ્ટિમાં સમાવાય છે ?**

(A) ટેનિઆ - એક પટ્ટીકૃમિ (B) વાઉકેરિયા - એક ફિલારીઅલકૃમિ

(C) રાઈઝોપસ - એક મોલ્ડ (D) એસ્કેરીસ - એક વલયકૃમિ

**30. રોગકારક અને તેની ચેપ ફેલાવવાની રીતને ધ્યાનમાં રાખી સાચો વિકલ્પ પસંદ કરો**

| રોગ | રોગકારક સજીવ | ચેપનો ફેલાવો |
|---|---|---|
| (A) ટાઈફોઈડ | સાલમોનેલા ટાઈફી | શ્વાસમાં લેવાતી હવા વડે |
| (B) ન્યુમોનિયા | સ્ટ્રેપ્ટોકોકસ ન્યુમોની | ટીપાં દ્વારા (ડ્રોપ્લેટ ઈન્ફેકશન) |
| (C) હાથીપગો | વાઉકેરિયા બેન્ક્રોફ્ટી | દૂષિત પાણી અને ખોરાક |
| (D) મલેરિયા | પ્લાઝમોડીયમ વાઈવેક્સ | નર એનોફિલીસ મચ્છર કરડવાથી |